**ગાંધીનગર તાપમાન**

મહત્તમ : ૩૩.૪ ડીગ્રી
લઘુતમ : ૨૬.૮ ડીગ્રી
ભેજ
સવારે ૮૬ ટકા ● સાંજે ૭૬ ટકા

# શ્રાવણમાં ફરાળી વાનગીઓનો રસથાળ

## શહેરમાં ૫૦થી વધુ ફરાળી વાનગી ઉપલબ્ધ : ફરાળી ખીચડી, બફવડા, પીઝા, પાત્રા, સેવપુરીની સાથે સાથે ફરાળી પ્લેટનો પણ ગ્રાહકોમાં ક્રેઝ






ગાંધીનગર, તા.૬

શિવજીને પ્રસન્ન કરવા માટે શ્રાવણ માસના ઉપવાસ ભકતો માટે મહત્વના હોય છે. આમ તો આના પાછળનું સાયન્ટિફીક કારણ પણ છે. શહેરીજનો ફરાળી વાનગીઓ સરળતાથી આરોગી શકે તે માટે શહેરમાં વિવિધ જગ્યાએ ફરાળી વાનગીઓ મળી રહી છે. જેમાં ડ્રાય ફરાળી નાસ્તા સાથે ગરમ ફરાળી વાનગી પણ વેચાણમાં છે. જેમાં આ વખતે નવીન કહેવાતા ફરાળી પફ, બાસ્કીચાટ અને સેવપુરી વધુ ચલણમાં છે.

ઉપવાસની સાથે યોગ્ય આહાર અને ટેસ્ટનું પણ ધ્યાન રાખતા શહેરીજનો અલગ અલગ ફરાળી વાનગીઓ આરોગવા માટે શહેરના વિવિધ સ્ટોર ઉપર મુલાકાત લઈ રહ્યા છે. શહેરમાં પણ વિવિધ જગ્યાએ શ્રાવણ માસને ધ્યાનમાં રાખીને વિવિધ પ્રકારની વાનગી વેચાણમાં છે.

ગરમ વાનગીઓ જેવી કે સાબુદાણા ખીચડી, બફવડા, ફરાળી પાત્રા, ફરાળી ખમણ, લીલી નાળિયેરની પેટીસ, પફ, પનીર પેટીસ, ફરાળી પીઝા, આલુ ટીકડી, ચેવડા ચાટ, લીલીભેળ, બાસ્કેટ ચાટ, દહીંવડા, સેવપુરી સાથે સાથે ડ્રાય નમકીન નાસ્તામાં રાજગરાની પુરી, રાજગરાની સેવ, કાતરી, મસાલા ચેવડો, ડ્રાયફ્રુટ ચેવડો, લીલો ચેવડો, ફુલવડી, સક્કરપારા, મસાલા પુરી, સીંગ ભૂજીયા, રાજગરા વડા બજારમાં ઉપલબ્ધ છે.



આ વર્ષે વિશિષ્ટ વાનગીઓ સાથે ફરાળી પ્લેટનું વેચાણ થઈ રહ્યું છે. જેમાં ફરાળી થેપલા, સુકી ભાજી, ફરાળી ખીચડી, ફરાળી બફવડા, દૂધનો હલવો અને દહીં પીરસાય છે.

સૌને મનપસંદ તેવા સમોસા, આલુ ટીકડી, મસાલા સીંગ, થેપલા, ફરાળી ખાખરા, હાંડવો, ભાખરી, રાજગરા બીસ્કીટ, કેળા વેફર્સ અને બટાકા વેફર્સ આવી અનેક ફરાળી આઈટમ શહેરના બજારમાં ઉપલબ્ધ છે.

આ ઉપરાંત સ્વિટમાં ફરાળી ચીકી, રસમલાઈ, રજવાડી રબડી, બાસુંદી, રજવાડી લસ્સી અને રસગુલ્લા વેચાણમાં છે. શહેરીજનો દરેક વાનગીમાંથી પોતાની મનપસંદ વાનગી આરોગી રહ્યા છે.

શહેરના નમકીનના વેપારી કિરીટભાઈ પટેલના કહ્યા મુજબ અમે છેલ્લા ૧૧ વર્ષથી ગાંધીનગરમાં ફરાળી વસ્તુનું વેચાણ કરીએ છીએ. ગ્રાહકો અમારા બનાવેલા ફરાળી ખમણ અને પાત્રા વધુ પ્રમાણમાં ખરીદે છે. આ ઉપરાંત શહેરના જાણીતા વેપારી જયમીન સુખડીયાના જણાવ્યા મુજબ અમે છેલ્લા ૧૦ થી ૧૨ વર્ષથી શ્રાવણ મહિનામાં ૪૦થી વધુ વેરાયટી બનાવીને વેચાણ કરીએ છીએ. ફરાળી નાસ્તા, નમકીન સાથે ખાસ દૂધથી બનતી મીઠાઈમાં મેવો વધુ વેચાય છે. સાથે સાથે નમકીમમાં ફૂલવડી, સીંગ ભજીયા, અને રાજગરાના બિસ્કિટ વધુ ચલણમાં છે અને ગરમ નાસ્તામાં બફવડા, ખીચડી, પીઝા અને સેવપુરી સાથે ફરાળી દહીંવડા શહેરીજનો વધુ પસંદ કરી રહ્યા છે.

## આજે ગાંધીનગરમાં

● સંકલ્પ સે સિધ્ધી કી ઓર અગ્રેસર કાર્યક્રમ બપોરે ૧ વાગ્યે મહાત્મા મંદિર ખાતે યોજાશે.

### ધાર્મિક

● શ્રીજી શ્રી ગોવર્ધનનાથજીની હવેલી સે-૨૧ ખાતે સાંજે ૬.૩૦ થી ૭.૧૫ દરમિયાન શાકભાજીના હિંડોળાના દર્શન યોજાશે.

● સ્વમિનારાયણ મંદિર સે-૨૩ ખાતે સાંજે ૫ થી ૮.૧૫ દરમિયાન અન્ન દર્શનાવલી હિંડોળાના દર્શન યોજાશે.

● શ્રીમાળી બ્રાહ્મણ સમાજ દ્વારા દિનેશભાઈ દવેના નિવાસસ્થાન ૫૭/૨, સે-૪-એ ખાતે રાત્રે ૮.૩૦ કલાકે શિવ રૂદ્રાભિષેક અને શિવ મહિમ્ન પાઠ યોજાશે.

● રામધામ વાવોલ ખાતે બપોરે ૩.૩૦ થી ૬.૩૦ દેવી ભાગવત કથા તથા સવારે ૬ થી ૮.૩૦ સુધી વાંસની ટોપલીના હિંડોળા યોજાશે.

● સુંદરધામ પરિવાર દ્વારા ગોસ્વામી સંજયભારતી બાપુની વ્યાસપીઠે ૩ થી ૬.૩૦ દરમિયાન સે-૧૬ સ્થિત સોમનાથ મહાદેવ મંદિર બ્રહ્મભવન ખાતે શિવકથા યોજાશે.

● શ્રી રંગ અવધૂત પરિવાર ટ્રસ્ટ દ્વારા દત્ત મંદિર સે-૨૮ ખાતે સાંજે ૮.૧૫ કલાકથી અશોકભાઈ પારેખ દ્વારા શિવ મહિમ્ન સ્તોત્રથી અભિષેકાત્મક લઘુરૂદ્ર યોજાશે.

● શ્રી સમસ્ત બ્રહ્મસમાજ સે-૨૬ દ્વારા વિષ્ણુપ્રસાદ અંબાલાલ જાનીના નિવાસસ્થાન સી-૨૦૨ પ્રમુખ પેરામાઉન્ટ સરગાસણ ખાતે રાત્રે ૯ થી ૧૦ દરમિયાન શિવપુજા અને મહિમ્ન પાઠ યોજાશે.

## ચંદ્રાલા નાકા પોઈન્ટ પરથી ૨૩ બોટલ દારૂ સાથે શખ્સ પકડાયો

ગાંધીનગર, તા.૬

ચિલોડા હિંમતનગર હાઈ વે આવેલા ચંદ્રાલા નાકા પોઈન્ટ પરથી પોલીસ વાહન ચેકીંગ કરી રહી હતી તે દરમિયાન સવારે ૯ કલાકે હિંમતનગરથી આવી રહેલી લકઝરી બસમાં ચેકીંગ કર્યુ હતું. આ બસમાં મુસાફરી કરી રહેલા દેવભુમિ દ્વારકાના ખીજદડ ગામના ૨૫ વર્ષિય યુવક ભવદીપસિંહ ભીખુભા જાડેજાના થેલામાંથી ૨૩ બોટલ વિદેશી દારુ મળી આવ્યો હતો. પોલીસે દારુની કિં.રૂ.૮૦૫૦ નો દારુની બોટલ કબ્જે કરી પ્રોહી એકટ મુજબ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

## વાવોલ પાસેથી ૯ ભેંસ કતલખાને જતી બચાવાઈ



ગાંધીનગર, તા.૬

ગાંધીનગર શહેર નજીક આવેલા વાવોલ ગામમાં મોડીરાત્રીના સમયે ફિલ્મી દ્રશ્યો સર્જાયા હતા. ટાટા ૪૦૭ ટેમ્પામાં ખીચોખીચ ભરીને કતલખાને લઈ જવાતી ૯ ભેંસને પોલીસે પીછો કરીને બચાવી લીધી હતી. વાવોલ ખાતે રાત્રીના અંધકારનો લાભ લઈ ડ્રાઈવર ટાટા ૪૦૭ ટેમ્પો મુકીને ભાગી છુટ્યો હતો. પોલીસે ફિલ્મી ઢબે કરેલા પીછાને પગલે વાવોલમાં ગભરાહટનો માહોલ ઉભો થયો હતો.

સોમાવરે મોડી રાત્રે વાવોલ પાસે ટાટા ૪૦૭ ટેમ્પો નં. જી.જે.૩૧.ટી.૧૭૮૦માં ૯ ભેંસ કતલખાને લઈ જવાતી હતી. ટેમ્પામાં ભેંસ હલનચ ચલન પણ ન કરી શકે તે રીતે બાંધવામાં આવી હતી. પોલીસે ટેમ્પોનો પીછો કરીને તમામ ભેંસને બચાવી લેવામાં આવી છે. પોલીસને બાતમી મળી હતી કે એક ટાટા ૪૦૭ માં ભેંસ ભરીને કતલખાને લઈ જવાઈ રહી છે. જેને પગલે પોલીસે ટેમ્પોનો પીછો કર્યો હતો. પોલીસે પીછો કરતા ટેમ્પો વાવોલ ગામમાં પ્રવેશ કર્યો હતો. ફુલ સ્પીડમાં બમ્પ કુદાવીને જતા ટેમ્પો અકસ્માત સર્જે તેવી સ્થિતિ સર્જાઈ હતી. ત્યારે ટેમ્પોની પાછળ પોલીસ પણ પીછો કરતા ગ્રામજનોમાં થોડીવાર માટે કુતુહલ સર્જાયું હતું. વાવોલ ગામમાં અંધારાનો લાભ લઈ ટેમ્પો ચાલક ટેમ્પો મુકીને ભાગી ગયો હતો. પોલીસે ટેમ્પો જપ્ત કરીને નંબરના આધારે ગુનો નોંધી ચાલકને પકડી પાડવા માટે આગળની કાર્યવાહી હાથ ધરી છે.



## શિક્ષણમંત્રી જૈનાચાર્યોની મુલાકાતે...

ગાંધીનગરમાં સેકટર-૨૨માં ચાતુર્માસે પધારેલા જૈનાચાર્ય ઉદયવલ્લભસુરિ મ.સા. તથા હૃદયવલ્લભ સુરિ મ.સા.ની મુલાકાતે રાજયના શિક્ષણમંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા આવી પહોંચ્યા હતા. જૈનાચાર્યોએ સરકારની નવી 'રાષ્ટ્રીય શિક્ષણ નીતિ' અંગે વિસ્તૃત ચર્ચા કરી અને શિક્ષણને માત્ર માહિતી લક્ષીને બદલે હવે વધુ મૂલ્યલક્ષી બનાવવા કેટલાંક અગત્યના સૂચનો પણ કર્યા હતા.

## નિસર્ગ દ્વારા હિરોશીમા દિવસની ઉજવણી





ગાંધીનગર, તા.૬

બીજા વિશ્વ યુદ્ધ દરમિયાન તા. ૬ ઓગષ્ટ ૧૯૪૫ના દિવસે અમેરિકાએ જાપાનના હિરોશીમા ઉપર અણુબોમ્બ ફેંકયો હતો. જેમાં હજારો લોકોનું મૃત્યુ થયું અને ઘણા પીડીત વર્ષો સુધી પીડા સહન કરતા રહ્યા હતા. માનવજાત ઉપર કરવામાં આવેલ આ પ્રથમ અણુઅખતરાની અસર પુરા વિશ્વમાં થઈ હતી. તે દિવસથી વિશ્વમાં શાંતિ બની રહે અને અણુવિજ્ઞાનનો ઉપયોગ માનવ કલ્યાણ માટે થાય તે હેતુથી ૬ ઓગસ્ટ વિશ્વભરમાં હિરોશીમા દિવસ (વિશ્વ શાંતિ) દિવસ તરીકે ઉજવાય છે. આ દિવસની ઉજવણી ગાંધીનગરમાં સે-૨૩ સ્થિત નિસર્ગ સાયન્સ સેન્ટર દ્વારા કરવામાં આવી હતી જેમાં કુલ ૫૫૦ જેટલા વિદ્યાર્થીઓ અને ૨૫ જેટલા શિક્ષકોએ ભાગ લીધો હતો.

ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજી પ્રેરિત નિસર્ગ સાયન્સ સેન્ટર દ્વારા હિરોશીમા દિવસની ઉજવણીના ભાગરૂપે વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં સે-૧૫ સ્થિત જે.એમ.પી.ઈન્ટીગ્રેટેડ સ્કૂલ ખાતે વકતવ્ય અને ફિલ્મ નિદર્શન યોજાયા હતા.

કાર્યક્રમમાં નિસર્ગ સાયન્સ સેન્ટરના મેનેજીંગ ટ્રસ્ટી ડૉ. અનિલભાઈ પટેલ સાથે જે.એમ.પી. શાળાના શિક્ષકો પણ ઉપસ્થિત રહ્યા હતા. ડૉ. અનિલભાઈ પટેલ દ્વારા વિદ્યાર્થીઓને અણુઉર્જાનો યોગ્ય ઉપયોગ વિશે માહિતગાર કરવામાં આવ્યા હતા. આ ઉપરાંત વિદ્યાર્થીઓ દ્વારા પૂછવામાં આવેલા પ્રશ્નોના યોગ્ય ઉત્તર આપવામાં આવ્યા હતા. આ ઉપરાંત બાળકોને હિરોશીમા અને નાગાસાકી શહેર ઉપર થયેલા વિનાશની ફિલ્મ પણ બતાવવામાં આવી હતી. સમગ્ર કાર્યક્રમનું સંચાલન શાળાના શિક્ષક નૈયાબેન પરમાર દ્વારા કરવામાં આવ્યું હતું. કાર્યક્રમના આયોજન માટે નિસર્ગ સાયન્સ સેન્ટરના કો. ઓર્ડીનેટર હાર્દિક મકવાણા અને શિવાંગ પટેલે ભારે જહેમત ઉઠાવી હતી.




સુંદરધામ પરિવાર દ્વારા ગોસ્વામી સંજયભારતી બાપુની વ્યાસપીઠે સે-૧૬ સ્થિત સોમનાથ મહાદેવ મંદિર બ્રહ્મભવન ખાતે શિવકથા યોજાઈ રહી છે. જેમાં ભકતો મોટી સંખ્યામાં ભાગ લઈ રહ્યા છે.

## ઈન્ડિયન લાયન્સ સ્વર્ણિમ દ્વારા ફ્રેન્ડશીપ ડેની અનોખી ઉજવણી





ગાંધીનગર, તા.૬

રાષ્ટ્રવાદ સાથે દેશ સેવાને વરેલી ઈન્ડિયન લાયન્સ સ્વર્ણિમ ગાંધીનગરે રવિવારના રોજ ગાંધીનગર મહાનગરપાલિકાના સહયોગ સાથે અનોખો ફ્રેન્ડશીપ ડે ઉજવ્યો હતો. ગાંધીનગર કોર્પોરેશનના સફાઈ કામદારોને હાથે નાડાછડી ફ્રેન્ડશીપ બેલ્ટ તરીકે બાંધી તેમને સ્લીપર, નેપકીન, થેલી તેમજ નમકીન મીઠાઈના પેકેટ શુભેચ્છા તરીકે આપવામાં આવ્યા હતા.

ઈન્ડિયન લાયન્સ સ્વર્ણિમના પ્રમુખ રાધેશ્યામભાઈ યાદવ, લાયોનેસ પ્રમુખ શિલ્પાબેન દેસાઈ, નેશનલ વાઈસ ચેરમેન અક્ષયભાઈ ઠક્કર, સેકેટરી કુંપલબેન દવે, રશ્મીતાબેન ગોંડલીયા, પ્રોજેકટ કોર્ડીનેટર ઉદયભાઈ પાંભર તથા નેશનલ બોર્ડ મેમ્બર્સ અને સ્વર્ણિમના તમામ સભ્યોએ ઈન્ડિયન લાયન્સ નેશનલ ચેરમેન આશાબેન હિતેશભાઈ પંડયાના આશીર્વચન સાથે સુંદર રીતે કાર્યક્રમ સંપન્ન કર્યો હતો.

ગાંધીનગર મહાનગર પાલિકાના ડેપ્યુટી મેયર નાજાભાઈ ધાંધરે પ્રસંગ અનુરૂપ પ્રવચન આપ્યું હતું અને ઈન્ડિયન લાયન્સ સ્વર્ણમ કલબની વૃક્ષારોપણ દ્વારા સફાઈદૂત વનની કલ્પનાને સ્વહસ્તે વૃક્ષારોપણ કરી સાકાર કરવા માટે વિશેષ પ્રેરણા આપી હતી. પ્રોગ્રામનું સ્ટેજ સંચાલન જોઈન્ટ સેક્રેટરી ડૉ. ધૈવત શુકલ દ્વારા કરવામાં આવ્યું હતું.

## જિલ્લા એનએસયુઆઈ પ્રમુખ દ્વારા કોલેજો અને જિલ્લાની કમીટી રદ કરાઈ

ગાંધીનગર, તા.૬

છેલ્લા કેટલાક દિવસોથી ગાંધીનગર જિલ્લા એનએસયુઆઈના પ્રમુખની જાણ બહાર સીધે સીધા ગાંધીનગર જિલ્લા એનએસયુઆઈમાં હોદેદાર પણ ન હોય તેવા કેટલાક તત્વો પોતાની મરજી મુજબ ગાંધીનગર જિલ્લાની વિવિધ કોલેજમાં એનએસયુઆઈના સિમ્બોલ પર કમિટીઓની રચના કરી હતી અને કોલેજમાં મનફાવે તેમ વર્તન કોલેજના સત્તાધિશો અને વિદ્યાર્થીઓ સામે કરી રહ્યા હતા. જેનો પગલે જિલ્લા એનએસયુઆઈ પ્રમુખ અમિત પારેખ દ્વારા ગાંધીનગર જિલ્લા-શહેરની તમામ સરકારી અનો ખાનગી કોલેજ કમિટી અને જિલ્લાની કમીટી રદ કરી છે. જયારે આગામી દિવસોમાં ગાંધીનગર જિલ્લાની અનો તમામ કોલેજની કમીટી ગુજરાત એનએસયુઆઈના પ્રદેશ પ્રમુખ મહિપાલસિંહ ગઢવીના આદેશ મુજબ મારા લેટરપેડ પર જાહેર કરવામાં આવશે તેમ જિલ્લા પ્રમુખ અમિત પારેખે જણાવ્યું છે. તે ઉપરાંત અમિત પારેખે જણાવ્યું છે કે મારા પ્રમુખ તરીકેના હોદ્દા ની ગરીમાને ધ્યાને રાખીને કોઈ પણ ભોગે એનએસયુઆઈ સંગઠનનું અને કોંગ્રેસ પક્ષનું ખરાબ દેખાય તેવું જરા પણ ચલાવી લેવામાં આવશે નહી.

## મુવી હાઉસ

### આર વર્લ્ડ, આઈનોક્સ, સે-૨૧

● **ખાનદાની શફાખાના**
૯.૪૫, ૧૧.૩૫, ૪.૨૫, ૭.૨૦, ૧૦.૧૫

● **જજમેન્ટલ હૈ કયા**
૯.૦૫, ૫.૩૦, ૧૦.૪૫

● **સુપર-૩૦**
૨.૫૫, ૬.૫૫, ૯.૩૦, ૧૦.૦૦

● **ચાસણી (ગુજરાતી)**
૮.૦૦ કલાકે સાંજે

● **કબીરસિંગ**
૧૨.૫૫ બપોરે

● **ફાસ્ટ એન્ડ ફ્યુરિયસ**
૩-ડી હિન્દી ૯.૦૦, ૧.૩૦, ૨.૨૫, ૫.૧૫, ૯.૪૫, ૧૦.૫૫
૩-ડી અંગ્રેજી ૧૧.૩૫, ૮.૦૫

● **ધ લાયન કિંગ**
હિન્દી ૩-ડી ૧૦.૫૦, ૪.૨૫, ૭.૦૫

### આર વર્લ્ડ, આઈનોક્સ, સે-૧૬

● **ખાનદાની શફાખાના**
૧૦.૪૦, ૪.૨૫, ૭.૨૦, ૧૦.૧૫

● **જજમેન્ટલ હૈ કયા**
૧૦.૧૫ સવારે, ૪.૦૦ સાંજે

● **સુપર-૩૦**
૧૨.૫૦, ૬.૩૫, ૯.૪૫

● **ચાસની (ગુજરાતી)**
૧.૩૫

● **ફાસ્ટ એન્ડ ફ્યુરિયસ**
૩-ડી હિન્દી ૯.૦૦, ૧.૩૦, ૨.૨૫, ૮.૦૫, ૧૦.૫૫
૩-ડી અંગ્રેજી ૯.૩૦, ૧૧.૩૫, ૫.૧૫

● **ધ લાયન કિંગ**
(૩-ડી હિન્દી) ૧૧.૦૦, ૪.૨૦, ૬.૫૫

### સિટી પલ્સ કુડાસણ

● **ખાનદાની શફાખાના**
૧.૦૦, ૪.૦૦, ૧૦.૦૦

● **જજમેન્ટલ હૈ કયા**
૬.૩૦

● **સુપર-૩૦**
૭.૦૦ સાંજે

● **ચાલ જીવી લઈએ (ગુજરાતી)** ૩.૪૫

● **ચાસની (ગુજરાતી)**
૯.૩૦

● **ફાસ્ટ એન્ડ ફ્યુરિયસ**
૨-ડી હિન્દી ૨.૪૫, ૭.૪૫, ૧૦.૧૫
૨-ડી અંગ્રેજી ૧૨.૧૫, ૫.૧૫, ૯.૩૦

● **ધ લાયન કિંગ**
(૩-ડી હિન્દી) ૪.૩૦, ૭.૦૦

● **કબિરસિંગ**
૧૨.૩૦ બપોરે

### પી.વી.આર, સિનેમેકસ, સે-૧૧

● **ખાનદાની શફાખાના**
૧૦.૧૫, ૧.૧૫, ૪.૧૫, ૧૦.૩૦

● **જજમેન્ટલ હૈ કયા**
૪.૫૫

● **સુપર-૩૦**
૧.૪૦, ૭.૧૫

● **ચાસની (ગુજરાતી)**
૧૦.૧૫ રાત્રે

● **ફાસ્ટ એન્ડ ફ્યુરિયસ**
૨-ડી હિન્દી ૧૦.૦૦, ૧૨.૫૫, ૩.૫૦, ૬.૪૫, ૯.૪૦
૩-ડી હિન્દી ૮.૩૦, ૧૧.૨૫, ૫.૧૫, ૮.૧૦, ૧૧.૦૫

● **ધ લાયન કિંગ**
(૩-ડી હિન્દી) ૨.૨૦

## વિશ્વ માંગલ્ય સભા દ્વારા નિ:શુલ્ક રૂદ્રાષ્ટક સ્તોત્ર શિક્ષા શિબિર યોજાશે

ગાંધીનગર, તા.૬

વિશ્વ માંગલ્ય સભા દ્વારા છેલ્લા ૧૦ વર્ષથી ભારતભરમાં માતૃશકિતના સશકિતકરણ અને સંગઠનનું કાર્ય ચાલી રહ્યું છે. મહાદેવના પ્રિય સ્તોત્રમાંના એક સ્તોત્ર રૂદ્રાષ્ટક સ્તોત્રને સસ્વર અને શુધ્ધ ઉચ્ચારમાં શીખવા માટે શિક્ષણ શિબિર સે-૪ ઓમકારેશ્વર મહાદેવ ખાતે બપોરે ૩ કલાકે, સે-૧૩-બી શિવ શકિત મંદિર ખાતે સાંજે ૫ કલાકે, સે-૨૧ મહારાષ્ટ્ર ભવન ખાતે સાંજે ૪ કલાકે, સે-૨૬ વૈજનાથ મહાદેવ જુનું ગ્રીનસીટી ખાતે રાત્રે ૯ કલાકે તા. ૧૦, ૧૧ અને ૧૨ ઓગસ્ટ દરમિયાન યોજવામાં આવી છે. જેમાં ભાગ લેવા માટે કુસુમબેન ૯૮૨૪૦ ૭૧૬૮૧, ભાર્ગવીબેન ૯૩૨૭૩ ૩૬૬૨૦ તથા પ્રવિણાબેન ૯૪૦૮૦ ૫૭૯૬૮નો સંપર્ક કરવા જણાવાયું છે.